# ૬ જુલાઇ – ૨૦૧૬ (બુધવાર)

**(૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંત્રી પરિષદમાં ફેરફાર કર્યા :**

– કેન્દ્રમાં સત્તા સંભાળ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના મંત્રીમંડળમાં બીજો સૌથી મોટો ફેરફાર કર્યો.

– નવા ૧૯ પ્રધાનોનો સમાવેશ કરવામાં આવ્યો, હવે મંત્રીપરિષદની સંખ્યા ૭૯ એ પહોંચી ગઇ.

– વર્ષ ૨૦૦૩માં બંધારણના ૯૧માં સુધારા મુજબ કેન્દ્રના મંત્રીપરિષદની સંખ્યા લોકસભાની કુલ સીટના ૧૫ ટકા (વધુમાં વધુ) અથવા ઓછામાં ઓછા ૧૨ સભ્ય હોવા જોઇએ.

– આ સુધારા મુજબ દિલ્હી અપવાદરૂપ છે, દિલ્હીમાં મંત્રીપરિષદની સંખ્યા હિલ્હી વિધાનસભાની કુલ સીટના ૧૦ ટકા હોવી જોઇએ. (અનુચ્છેદ ૩૯૧ એએ)

– નવા ૧૯ પ્રધાનો પૈકી ગુજરાતના ત્રણ સાંસદોને રાજ્યકક્ષાના હવાલા સોંપવામાં આવ્યા જે નીચે મુજબ છે.

(૧) પરષોતમ રૂપાલા – રાજ્યસભાના સાંસદ

– કૃષિ અને ખેડુત વિકાસ, પંચાયતી રાજ

(૨) મનસુખ માંડવિયા – રાજ્યસભાના સાંસદ

– રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે શિપિંગ, કેમિકલ્સ અને ફર્ટિલાઇઝર્સ

(૩) જસંવતસિંહ ભાભોર – દાહોદ લોકસભા

– આદિવાસી બાબતો

મોદીના મંત્રીપરિષદમાં સૌથી યુવા ઉત્તરપ્રદેશના મિર્ઝાપુરના સાંસદ અનુપ્રિયા પટેલ છે.

– મહત્વના ખાતાઓ (કેબિનેટ પ્રધાન)
– રાજનાથસિંહ – ગૃહમંત્રાલય
– સુષ્મા સ્વરાજ – વિદેશી બાબતો
– અરૂણજેટલી – નાણાં, કોર્પોરેટ બાબતો
– મનોહર પારિકર – સંરક્ષણ
– નીતિન ગડકરી – રોડ અને ટ્રાન્સપોર્ટ, શીપિંગ
– ઉમા ભારતી – વોટર રિસોર્સ, રિવર ડેવલપમેન્ટ
– મેનકા ગાંધી – મહિલા અને બાળવિકાસ
– સ્મૃતિ ઇરાની – ટેક્સ્ટાઇલ
– પ્રકાશ જાવડેકર – શિક્ષણ પ્રધાન (એચઆરડી)
– ડૉ. હર્ષવર્ધન – સાયન્સ એન્ડ ટેકનોલોજી અર્થ સાયન્સિસ
– રવિશંકર પ્રસાદ – કાયદો અને ન્યાય ઇલેક્ટ્રોનિક એન્ડ ઇન્ફર્શેન ટેકનોલોજી

પ્રશ્નો :

(૧) વડાપ્રધાને મંત્રીપરિષદમાં બીજો મોટો ફેરફાર કરતાં ૧૯ નવા સાંસદોને ઉમેર્યા તેમાં ગુજરાતના કેટલા સાંસદોનો સમાવેશ થયો ?
– ત્રણ

(૨) બંધારણના કયા સુધારા મુજબ મંત્રીપરિષદની કુલ સંખ્યા લોકસભાની ૧ વિધાન પરિષદની ૧૫ ટકા (વધુમા વધુ) હોવી જોઇએ ?
– ૯૧મો સુધારો (૨૦૦૩)

(૩) વડાપ્રધાન મોદીની મંત્રીપરિષદમાં સૌથી યુવા સાંસદ ?
– અનુપ્રિયા પટેલ

(૪) હાલમાં મંત્રીપરિષદમાં કુલ કેટલી સભ્ય સંખ્યા છે ?
– ૭૯

(૫) સ્મૃતિ ઇરાની પાસે હાલમાં કયું મંત્રાલય છે ?
– ટેક્સાઇટલ

(૬) કેન્દ્રમાં માનવ સંશાધન મંત્રી કોણ છે ?
– પ્રકાશ જાવડેકર

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧